# મહાકવિ કાલિદાસની કૃતિઓમાં વિવિધ વિદ્યાસ્થાનો

ડો. મિહિરકુમાર સુધીરભાઈ ઉપાધ્યાય

વિશ્વસાહિત્યના મહાન કવિ કાલિદાસ ઈ.સ. પૂર્વેની પહેલી સદીમાં ઉજ્જૈનના વિક્રમાદિત્ય રાજાના સમયમાં થયા એમ સ્વીકારાય છે, વળી આ વાતને એક પ્રખ્યાત શ્લોક પણ ટેકો આપે છે કે વિક્રમાદિત્ય રાજાના દરબારમાં નવરત્નો હતાં.

धन्वन्तरिक्षपणकाऽमरसिंहशङ्कुवेतालभट्टघटकर्परकालिदासाः

ख्यातो वराहमिहिरो नृपतेः सभायां रत्नानि वै वररुचिर्नव विक्रमस्य।।

“વિક્રમાદિત્ય રાજાના દરબારમાં ખરેખર નવરત્નો હતાં, તેઓ - ધન્વન્તરિ, ક્ષપણક, અમરસિંહ (અમરકોશના લેખક) શંકુ, વેતાલભટ્ટ (વેતાલ પંચવિંશતિના લેખક), ઘટકર્પર, કાલિદાસ, વરાહમિહિર અને વરરુચિ.”

કાલિદાસ ઉજ્જૈન અને વિક્રમાદિત્ય પ્રમાર( ઉજ્જૈનના રાજા) સાથેના ગાઢ સંબંધ માટે પ્રખ્યાત છે.

સર્વ વિદિત છે કે કાલિદાસ સર્વશાસ્ત્રોમાં પારંગત હતા. રઘુવંશમ્‌ના પાંચમા સર્ગમાં વરતંતુના શિષ્ય કૌત્સના પ્રસંગનુ વર્ણન કરતાં જણાવે છે કે,

निर्बन्धसञ्जातरुषार्थकार्श्यमचिन्तयित्वा गुरुणाऽहमुक्त।

वित्तस्य विद्यापरिसंख्यया मे कोटीश्चतस्रो दश चाहरेति।। रघु. ५/२१।।

“વારંવાર આગ્રહ કરવાને લીધે ક્રોધે ભરાયેલા ગુરુજીએ મારા અલ્પધનનો વિચાર કર્યા વગર આજ્ઞા કરી કે મેં જેટલી વિદ્યાઓ ભણાવી છે તે પ્રમાણે (ચૌદ વિદ્યાઓને ગુણીને એકના એક કરોડ એમ) ચૌદ કરોડ રૂપિયા લઇ આવ.”

વિદ્યાના એટલે કે વેદવિદ્યાના ચૌદ સ્થાન છે. એટલે કે ભણતરના વિષયો કે જે વિદ્યાર્થીએ સ્નાતક થવા પહેલાં એટલે કે તેના ગુરુ તેને ગૃહસ્થ જીવનમાં પ્રવેશવાની આજ્ઞા આપે તે પહેલાં પૂર્ણ કરવાના હોય છે.

હવે ચૌદ વિદ્યાસ્થાનોનો યાજ્ઞવલ્ક્યએ વિશિષ્ટ રીતે નીચે પ્રમાણે ઉલ્લેખ કર્યો છે-

पुराणन्यायमीमांसाधर्मशास्त्राङ्गमिश्रिताः।

वेदाः स्थानानि विद्यानां धर्मस्य च चतुर्दश।। आचार – ३।।

(૧) અઢાર પુરાણ અને બે અદિકાવ્યો, (૨) ન્યાયશાસ્ત્ર, (૩) મીમાંસા, (૪) ધર્મશાસ્ત્ર, (૫-૧૦) ૦૬ વેદાંગો જેવાં કે શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરુક્ત, છંદશાસ્ત્ર અને જ્યોતિષ તેમજ (૧૧-૧૪) ૦૪ વેદો જેમ કે ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ આ સદાચાર અને ધાર્મિકતા કે ધર્મના મૂળ છે.

વેદો અને વેદાંગોઃ વેદો વિશ્વસાહિત્યના પ્રચીન ગ્રંથો છે. તેમાં ઋગ્વેદ સૌથી પ્રાચીન છે. નીચેના બે શ્લોકો કાલિદાસના ઋગ્વેદનુ જ્ઞાન અને તાલબદ્ધતા દર્શાવે છે-

उद्घातः प्रणवो यासां न्यायैस्त्रिभिरुदीरणम्।
कर्म यज्ञः फलं स्वर्गस्तासां त्वं प्रभवो गिराम्।। कुमार. २/१२।।

"તમે તે દૈવી શબ્દોના મૂળ છો કે જેની શરૂઆત ॐ એ અક્ષરથી થાય છે અને જેનું ઉચ્ચારણ ત્રણ જુદી જુદી ઢબે - ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિત એવા નામથી થાય છે કે જે યજ્ઞકર્મનું અને સ્વર્ગનું ફળ આપવાનું સૂચવે છે."

स्वर संस्कारवत्यासौ पुत्राभ्यामथ सीतया।
ऋचेवोदर्चिषं सूर्यं रामं मुनिरुपस्थितः।। रघु. १५/७६।।

"ત્યાર પછી ઋષિ વાલ્મીકિ, સીતા બન્ને બાળકો સાથે તેજસ્વી રામ પાસે પહોંચ્યાં, ત્યારે, જાણે કે કોઇક તેજસ્વી સૂર્ય (એટલે કે રામ)ની રાહ જોઇ રહ્યા હોતા. તેમજ ગાયત્રી મંત્રનુ ભાષાકિય શુદ્ધિ સાથે ઉચ્ચારણ કરતા હતા."

આ બન્ને શ્લોકો કાલિદાસનું વ્યવસ્થિત ઉચ્ચારણનું જ્ઞાન એટલે કે શિક્ષા નામના વેદાંગનું જ્ઞાન દર્શાવે છે. જેમા વૈજ્ઞાનિક રીતે સ્વરો અને વ્યંજનોના ઉચ્ચારણનું જ્ઞાન આપવામાં આવ્યું છે.

અશ્વમેધયજ્ઞ કે જે શુક્લ યજુર્વેદ (અધ્યાય ૨૨)માં દર્શાવાયો છે. તે જ યજ્ઞ માલવિકાગ્નિ-મિત્રમ્ (અંક ૫)માં પુષ્યમિત્ર દ્વારા કરવામાં આવ્યો હતો. જેણે વિશ્વ પર વિજય મેળવવા તેના પૌત્ર વસુમિત્રના નેતૃત્વ હેઠળ સૈન્ય મોકલ્યું હતુ.

અથર્વવેદના મંત્રો કે જેની છાપ રઘુવંશમાં જોવા મળે છે. પહેલા સર્ગમાં દિલીપ રાજા અથર્વવેદના સંગ્રહસ્થાન એવા ઋષિ વસિષ્ઠ પાસે પહોચ્યા-

अथाथर्वनिधेस्तस्य विजितारिपुरः पुरः।
अर्थ्यामर्थपतिर्वाचमाददे वदतां वरः।। रघु. १/५९।।

"કુશળ પુછ્યા પછી શત્રુના નગરોને જીતવાવાળો, વક્તા શ્રેષ્ઠ, સંપત્તિના સ્વામી રાજા દિલીપ અથર્વવેદના વિશેષજ્ઞ ગુરુ વસિષ્ઠની સામે અર્થયુક્ત વાત કરવા લાગ્યા."

કાલિદાસની કેટલીક ઉપમાઓ પણ તેના બ્રાહ્મણગ્રંથોના જ્ઞાનનો પુરવો પૂરો પોડે છે.

"દિલીપની પત્ની સુદક્ષિણા, યજ્ઞની પત્ની દક્ષિણા જેવી હતી......" (पत्नी सुदक्षिणेत्यासी-दध्वरस्येव दक्षिणा।। रघु. १/३१।।) આમા બ્રાહ્મણ ગ્રંથોનો પડઘો દેખાય છે.

તેના સંસ્કૃતના વ્યાકરણના જ્ઞાન માટે તેની ઉપમાઓ સાક્ષી છે. "(વ્યાકરણમાં) અપવાદો વડે જેમ સામાન્ય નિયમોની કાર્યશક્તિ ઘટી જાય તેમ..... " (उपवादैरिवोत्सर्गाः कृतव्यावृत्तयः परैः।। कुमार. २/२७।।)

વ્યુત્પત્તિજન્ય સમજૂતી આપતાં નામો જેવાં કે અપર્ણા એટલે કે પાર્વતિએ કઠોર તપશ્ચર્યા દરમિયાન ઝાડ પરથી સ્વયં પડતાં પર્ણો ઉપર જીવવાનું પણ છોડી દીધું તેથી તે અપર્ણા કહેવાયા. (तदप्यपाकीर्णमत: प्रियंवदां वदन्त्यपर्णेति च तां पुराविद:।। कुमार५/२८।।). ક્ષત્રિય _ મુશ્કેલી કે કારમા ઘાથી જે રક્ષણ કરે છે તે જ (क्षत् + त्र) ક્ષત્રિય કહેવાય છે. क्षतात् किल त्रयात इत्युदग्र:क्षत्रस्य शब्दो भुवनेषु रूढः ।। रघु. २/५३।।)

કાલિદાસની વિવિધ કૃતિઓમાં વિવિધ છંદોનો ઉપયોગ દેખાય છે કેટલીક વખત તેમણે વૈદિક છંદો પણ વાપર્યા છે.

अमी वेदिं परित: क्लृप्तविष्ण्या: समिद्वन्त: प्रान्तसंस्तीर्णदर्भा:।

अपघ्नन्तो दूरितं हव्यगन्धैर्वैतानास्त्वां वह्नय: पावयन्तु।। अभि. शाकु. ४/८।।

આ શ્લોક ત્રિષ્ટુપ્ છંદના બે પ્રકારોથી છંદોબદ્ધ થયો છે. તેમણે વર્ણનના રસ અને વાતાવરણને યોગ્ય છંદોનો ઉપયોગ કર્યો છે. કુમારસંભવમ્‌ના રતિવિલાપ નામના ચોથા સર્ગમાં રઘુવંશમ્‌ના અજવિલાપ નામના આઠમાં સર્ગમાં આક્રંદ અને રુદન દર્શાવતો વિયોગિની છંદ વાપર્યો છે.

કાલિદાસ તેમના જ્યોતિષ અને ખગોળશાસ્ત્રના જ્ઞાનનો પૂરાવો કેટલાક પારિભાષિ શબ્દોના ઉપયોગથી આપે છે. જામિત્ર ઉચ્ચસ્થાન, "પછી હિમાલયે જ્યારે ઔષધિના પતિ ચંદ્ર શુક્લપક્ષમાં જામિત્રગુણથી યુક્ત..... " (अथौषधीनामधिपस्य वृद्धौ तिथौ च जामित्रगुणान्वितायाम्।। कुमार. ७/१।।)

વળી નક્ષત્ર અને સૂર્ય-ચંદ્રની સ્થિતિની વાતોમાં પણ "એ પવિત્ર ક્ષણે કે જ્યારે સૂર્ય સભાના પ્રમુખસ્થાને હતા અને ચંદ્ર જ્યારે ઉત્તરફાલ્ગુની નક્ષત્રમાં હતા...... "(मैत्रे मुहूर्ते शशलाञ्छनेन योगं गतासूत्तरफल्गुनीषु ।। ७/७।।)

**પુરાણ, ન્યાય, મીમાંસા અને ધર્મશાસ્ત્ર** : કાલિદાસના નાટક વિક્રમોર્વશીયમ્‌ની સફળતા તેના મૂળ કથાનક છે કાલિદાસ નાટકની શરૂઆત -સ્વર્ગની અપ્સરા ઉર્વશીના કેશી દાનવ દ્વારા અપહરણથી કરે છે. આવો જ પ્રસંગ રામાયણમાં દર્શાવાયો છે. જેમાં લંકાનો રાજા રાવણ સીતાનું અપહરણ કરે છે. અને એ જ રઘુવંશમ્‌ના રામ-સીતા પ્રસંગનું વિષયવસ્તુ છે. કોઇ પણ જનસ્થાન પરનો રામનો સીતા પ્રત્યેનો શોક અને ગંધમાદન પર પુરુરવાનો ઉર્વશી પ્રત્યેનો શોકએ બે વચ્ચે સમાનતા જોઇ શકે છે. બન્ને જણાએ પોતાની માનસિક સ્વસ્થતા વિરહની પીડાને કારણેખોઇ હતી.

કુમારસંભવમ્‌માં બ્રહ્મા અને શિવનુ. વર્ણન તેમના ઉપનિષદિક અભ્યાસની ખાતરી આપે છે. ત્યાં આપણે વિવિધતામાં એકતા જોઇ શકીએ છે.

તેમના પરિભાષિક શબ્દો જેવા કે ક્ષેત્ર, ક્ષેત્રજ્ઞ અને અક્ષરના ઉપયોગથી તેમનું મહાભારત-ગીતાનું જ્ઞાન છતું થાય છે. "પોતાની અંદર સ્વયંની અનુભૂતિ કરી રહ્યા છે કે જેને ઋષિઓ શાશ્વત કહે છે."(यमक्षरं क्षेत्रविदो विदुस्तमात्मानमात्मन्यवलोकयन्तम्।। ३/५०।।) આ સ્પષ્ટપણે તેમનુ. ભગવદ્‌ગીતાનુ. જ્ઞાન દર્શાવે છે.

કાલિદાસની ધર્મની રૂઢિગતતા કરતાં આધ્યાત્મિકતા તરફ નોંધપાત્ર ઝોક જોવા મળે છે અને તેથી જ તેમના ત્રણેય નાટકોના નાન્દી-મંગલાચરણના તેમજ કુમારસંભવમ્‌માં ભગવાન શિવની સમાધિ, પાર્વતીમાતાની તપશ્ચર્યા તેમજ

સપ્તર્ષિઓના કૈલાસગમન પછી ભગવાન શિવના દર્શન વગેરેમાં કાલિદાસનો વેદો પ્રત્યે વૈદિક સાહિત્ય પ્રત્યે અને વેદના જ્ઞાનની ગંભીર ગરિમા પ્રત્યે ઉત્તરોત્તર ઉપાસનાની પ્રગતિનો આલેખ જોવા મળે છે.

કાલિદાસે ધાર્મિક અને ધર્મનિરપેક્ષ શાસ્ત્રોનો અભ્યાસ કર્યો હતો. જે ગૃહ્યસૂત્ર, ધર્મસૂત્ર તેમજ સ્મૃતિમાં જોવા મળે છે. તેના પૂરાવા રઘુવશમ્‌માં અજ અને ઈન્દુમતીના તેમજ કુમારસંભવમ્‌માં શિવ અને પાર્વતીના લગ્નના રિવાજોના વર્ણનમાં જ નહિ પરંતુ કેટલાંક નિવેદનો જેવાં કે, " સ્મૃતિ જેમ વેદના અર્થને અનુસરે તેમ રાણી સુદક્ષિણા ગાયની પાછળ પાછળ જતી હતી….." (मार्गं मनुष्येश्वरधर्मपत्नी श्रुतेरिवार्थं स्मृतिरन्वगच्छत्।। रघु. २/२।।) માં જોવા મળે છે.

"દુનિયા ચલાવવા માટે પરમાત્મા પોતે જ પુરુષ અને સ્ત્રી જાતિમાં અવતરે છે……" (स्त्रीपुंसावात्मभागौ ते भिन्नमूर्तेः सिसृक्षया ।।२/७।।) આ વિચાર બૃહદારણ્યક ઉપનિષદની સૃષ્ટિપ્રક્રિયાના અધ્યાયમાંથી લેવામા આવ્યો છે તે સ્પષ્ટ છે.

**ઉપસંહારઃ** સામાન્ય રીતે કાલિદાસ તેની ઉપમા માટે પ્રખ્યાત છે. उपमा कालिदासस्य જે સાચું છે પણ આ બધી ઉપમાઓ દ્વારા તે પાઠકોને શાસ્ત્રના ગ્રંથોનો અભ્યાસ કરવાનો બોધપાઠ આપે છે. અને તે પણ કોઇ જાતિ, ધર્મ, સંમ્પ્રદાય કે માત્ર ભારતના લોકો માટે નહિ પરંતુ દુનિયાના લોકો માટે ખુબ મહત્ત્વનું છે. એ વાત નિર્વિવાદ છે કે કાલિદાસ એ સર્વકાલના રાષ્ટ્રકવિ છે. જો કે હવે આટલા બધા સંશોધનોની ફૂલછાબ મહાકવિની સરસ્વતીના ચરણે મૂકી સ્વીકારવું જ રહ્યું કે મહાકવિ કાલિદાસ એક અજોડ વિશ્વકવિ છે. તેથી જ રસરાજ કહે છે કે, "હે વિશ્વકવિ કાલિદાસ તમને હજારો વંદન કેમ કે તમે ભારતની અસ્મિતા- ગૌરવને જન્મ આપ્યો છે. અને તેની વૃદ્ધિ કરતાં કરતાં ક્ષુદ્રતા (હલકાઇ)નો નાશ કર્યો છે."

अस्मितां भारतीयां योऽजनयत् वर्धयन्नपि।
क्षुद्रतां नाशयन् विश्वकवे तुभ्यं नमो नमः।।